Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 1 • Issue :36• Date : 25-01-2024 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

Office: C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office, Junagadh, Gujarat • Editor : Vijyaben V. Sisodiya • Mo. 98790 84567

# તૃણમુલ-આપનો એકલા હાથે ચૂંટણી લડવા નિર્ણય



ચંડિગઢ/કોલકાતા,

પ.બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસે ઝટકો આપ્યા બાદ હવે પંજાબમાં આમ આદમી પાર્ટી (આપ) એ કોંગ્રેસને સાઈડલાઈન કરી દીધી છે. આપએ સ્પષ્ટ કર્યું છે કે પંજાબમાં પાર્ટી એકલી જ લોકસભા ચૂંટણી લડશે.

પંજાબના સીએમ અને આપ નેતા ભગવંત માને કહ્યું કે પંજાબમાં કોંગ્રેસ સાથે અમને કોઈ લેવા દેવા નથી. આમ આદમી પાર્ટીએ પંજાબમાં ૧૩ લોકસભા બેઠકો માટે આશરે ૪૦ ઉમેદવારો પસંદ કર્યા છે.

પાર્ટી ૧૩ લોકસભા સીટ માટે ઉમેદવારો માટે સરવે યોજવાની તૈયારીમાં છે. ચંડીગઢ નગર નિગમ ચૂંટણીમાં કોંગ્રેસ સાથે ગઠબંધન અંગે ભગવંત માને કહ્યું કે આપ પાર્ટી લોકસભાની સીટોને ૧૪ કરી શકે છે કેમ કે એક સીટ ચંડીગઢની પણ છે. દિલ્હીમાં કોંગ્રેસ સાથે ગઠબંધન માટે આપ પણ તૈયાર છે. અત્યાર સુધી તો અહીંની સાત સીટોને લઈને કોઈ ફોર્મ્યુલા તૈયાર નથી પણ કોંગ્રેસની રાષ્ટ્રીય ગઠબંધન સમિતિ અને આપ નેતાઓ વચ્ચે સીટ શેરિંગને લઈને બેઠક થઈ ચૂકી છે.

બંને પક્ષોએ આ દરમિયન ભાજપ વિરુદ્ધ એકજૂટતા બતાવી છે. મમતા બેનરજીએ પશ્ચિમ બંગાળમાં લોકસભાની આગામી ચૂંટણીમાં 'એકલા ચાલો રે'ની નીતિ અપનાવવાની જાહેરાત કરી દીધી છે. તેમણે કહ્યું કે 'કોંગ્રેસ અને ડાબેરી પક્ષોએ અમારો પ્રસ્તાવ ફગાવી દેતાં અમે આ જાહેરાત કરવા મજબૂર છીએ. કોંગ્રેસ દ્વારા મારા કોઈ પ્રસ્તાવ સ્વીકારવામાં આવ્યા નહોતા.' ઉલ્લેખનીય છે કે છેલ્લાં ઘણાં સમયથી કોંગ્રેસ અને તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) વચ્ચે શાબ્દિક યુદ્ધ જોવા મળી રહ્યું હતું. આ દરમિયાન ઈન્ડિયાગઠબંધનના સભ્યો પણ બેઠકોની વહેંચણી મુદ્દે હજુ સુધી કોઈ નિર્ણય સુધી પહોંચી શક્યા નહોતા. આ દરમિયાન મમતા બેનરજીએ કહ્યું કે અમે કોંગ્રેસ અને ડાબેરી પક્ષો સાથે સમજૂતી કરવા માટે ઘણાં પ્રસ્તાવ અને ઓફર આપી હતી પરંતુ તે તમામ ફગાવી દેવામાં આવ્યા જેને લઈને અમારે આ નિર્ણય લેવો પડ્યો છે.

મમતા બેનરજી અને તેમની પાર્ટીનો આ નિર્ણય કોંગ્રેસ-ડાબેરી પક્ષો સહિત ઈન્ડિયાગઠબંધન માટે પણ મોટો આંચકો માનવામાં આવી રહ્યો છે. મમતા બેનરજીએ આ સાથે કોંગ્રેસના નેતૃત્વ સામે પણ સવાલો ઊઠાવ્યાં હતાં. મમતા બેનરજીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે અમે કોંગ્રેસને કહ્યું હતું કે તે ૩૦૦ બેઠકો પર લોકસભાની ચૂંટણી લડે અને પ્રાદેશિક પક્ષોને તેમના પ્રદેશમાં ભાજપનો મુકાબલો કરવા દે. તેમણે કહ્યું કે પ્રાદેશિક પક્ષો એકજૂટ રહેશે પરંતુ એ પણ સ્પષ્ટ કરી દીધું કે જો તે હસ્તક્ષેપ કરશે તો અમારે ફરી વિચારવું પડશે. મમતા બેનરજીએ કોંગ્રેસને ફક્ત ૨ સીટ આપવાની ઓફર કરી હતી. તેના પર કોંગ્રેસ નેતા અધીર રંજન ચૌધરી વિફર્યા હતા. મમતા બેનરજીએ કહ્યું કે અમે જે સૂચન કર્યા હતા તે તમામ નકારી કાઢવામાં આવ્યા.

એટલે અમે બંગાળમાં એકલા ચાલો રેની નીતિ અપનાવવાનો નિર્ણય લીધો છે. તેમણે રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય યાત્રાનું નામ લીધા વિના જ કહ્યું કે તેઓ પ.બંગાળમાં પણ યાત્રા યોજવાના છે. જેની જાણકારી શિષ્ટાચારને નાતે પણ અમને નથી અપાઈ.

## રાહુલ ગાંધી અને કોંગ્રેસના નેતાઓ સામે એફઆઈઆર

ગુવાહાટી,

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય યાત્રા હાલ આસામમાંથી પસાર થઈ રહી છે ત્યારે ગઈકાલે કોંગ્રેસના કાર્યકર્તાઓ અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. ત્યારે હવે આ મામલે કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી, પાર્ટી મહાસચિવ કેસી વેણુગોપાલ, ઈન્ડિયન નેશનલ સ્ટુડન્ટ્સ યુનિયન ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટીના પ્રભારી કન્હૈયા કુમાર અને અન્ય વ્યક્તિઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની વિભિન્ન કલમો અને પ્રિવેન્શન ઓફ ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી એક્ટ હેઠળ એફઆઈઆરનોંધવામાં આવી છે. આ એફઆઈઆરઆસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાના મંગળવારના એ નિવેદન બાદ નોંધવામાં આવી છે

જેમાં તેમણે કહ્યું હતું કે, રાજ્ય પોલીસ રાહુલ ગાંધી વિરુદ્ધ એફઆઈઆરનોંધશે અને લોકસભા ચૂંટણી બાદ તેમની ધરપકડ કરશે. આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ આ મામલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સપોસ્ટ કરીને લખ્યું કે, કોંગ્રેસ સદસ્યો દ્વારા હિંસા, ઉશ્કેરણી, સાર્વજનિક સંપત્તિને નુકશાન પહોંચાડવા અને પોલીસ કર્મચારીઓ પર હુમલાના અનિયંત્રિત કૃત્યોના સંદર્ભમાં રાહુલ ગાંધી, કેસી વેણુગોપાલ, કન્હૈયા કુમાર અન્ય વ્યક્તિઓ વિરુદ્ધ કલમ ૧૨૦(બી)૧૪૩/ ૧૪૭/૧૮૮/૨૮૩/૩૫૩/૩૩૨/ ૩૩૩/૪૨૭ આઈપીસીઆર/ ડબલ્યુહેઠળ એફઆઈઆર નોંધવામાં આવી છે.

ખાનપરા વિસ્તારમાં પોલીસ અને કોંગ્રેસ કાર્યકર્તાઓ વચ્ચે ઘર્ષણની ઘટના બાદ આસામના મુખ્યમંત્રીએ આરોપ લગાવ્યો હતો કે, રાહુલ ગાંધીએ લગભગ ૩૦૦૦ લોકો અને ૨૦૦ વાહનો સાથે ગુવાહાટીમાં પ્રવેશવાનો પ્રયત્ન કર્યો હતો.

આસામના મુખ્યમંત્રીએ કહ્યું કે પોલીસ તપાસ શરૂ કરશે અને લોકસભા ચૂંટણી બાદ વાયનાડ સાંસદની ધરપકડ કરશે.

### ખેડૂત નેતા રાકેશ ટિકૈતે ફરી એકવાર સરકારને ઘેરી

## ખેડૂતોની માગણીને લઈને ૧૬ ફેબ્રુઆરીએ ભારત બંધનું એલાન

### બેરોજગારી, એમએસપી ગેરંટી એક્ટ, પેન્શન, અગ્નિવીર જેવા મુદા પણ ઉઠાવવામાં આવશે

લખનૌ,

ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગરના ભારતીય કિસાન યુનિયન (બીકેયુ)ના પ્રવક્તા રાકેશ ટિકૈતની આગેવાની હેઠળ ખેડૂતોની અનેક માંગણીઓ અંગે એડીએમ વહીવટીતંત્રને એક આવેદન આપીને મહાપંચાયતનું સમાપન કરવામાં આવ્યું હતું.

રાકેશ ટિકૈતે સરકારને ઘેરતા કહ્યું કે સરકાર ખેડૂતોને નબળા પાડવાનું કામ કરી રહી છે. મહા પંચાયતમાં શેરડીના ભાવ, મફત વીજળી વગેરે જેવા ખેડૂતોના મુદ્દાને લઈને અવાજ ઉઠાવવામાં આવ્યો હતો. આ ઉપરાંત રાકેશ ટિકૈતે જગાહેડી ટોલ પર ચાલી રહેલી ભારતીય કિસાન યુનિયનની મહાપંચાયતમાં ખેડૂતોના પ્રશ્નોને લઈને સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. આ સાથે તેમણે કહ્યું હતું કે ૨૬ જાન્યુઆરીએ ટ્રેક્ટર માર્ચ કાઢીશું. આ સિવાય યુનાઈટેડ કિસાન મોરચા (એસકેએમ)ના આહ્વાન પર ૧૬ ફેબ્રુઆરીએ ભારત બંધનું પણ એલાન કરવામાં આવ્યું છે. ખેડૂતો પણ આ બંધના એલાનમાં જોડાશે. અમે દુકાનદારોને ૧૬મી ફેબ્રુઆરીએ તેમની દુકાનો ન ખોલવાની પણ અપીલ કરી છે.

આ ઉપરાંત બેરોજગારી, એમએસપીગેરંટી એક્ટ, પેન્શન, અગ્નિવીર જેવા મુદ્દા ઉઠાવવામાં આવશે. આ પછી ખેડૂતોની અનેક માંગણીઓને લઈને મુખ્યમંત્રીના નામે એડીએમ વહીવટીતંત્રને આવેદન આપવામાં આવ્યું હતું. આવેદનમાં માંગણી કરવામાં આવી છે કે પીન્ના હાઈવે પર અંડરપાસ કે બ્રિજ બનાવવાને લઈને ખેડૂતો ઘણાં સમયથી વિરોધ કરી રહ્યા છે જેનો તાત્કાલિક ઉકેલ લાવવામાં આવે.

આ સિવાય શેરડીનો ભાવ ૪૫૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ કરતા ઓછો સ્વીકારાશે નહીં. આ ઉપરાંત મફત વીજળીની જાહેરાત છતાં પણ ખેડૂતોને બિલ ભરવા પડે છે અને નવા કનેક્શન પાછળ ઘણો ખર્ચ કરવો પડે છે. ખેડૂતોને ડીઝલ, સાધનો, ખાતર અને બિયારણ પર છૂટની વ્યવસ્થા હોવી જોઈએ.

## તંત્રીની કલમે.................

# જનભાગીદારી : આફ્રિકાથી અયોધ્યા સુધી

રામ લલ્લા આવી ગયા, ભારતમાં નવો ઈતિહાસ સર્જાયો, રામ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા સંપન્ન થઈ. બાવીસ જાન્યુઆરી, ૨૦૨૪ એ લગભગ ભારતીય સમય મુજબ લગભગ ૧૨ થી ૧ દરમ્યાન સંગે વિશ્વના થઈને કરોડથી વધુ લોકોએ ભગવાન રામ અને પૂજાના લાઈવ દર્શન કર્યા અને એ પહેલાં ભારતના દરેક ગામ, નાના-મોટા શહેરમાં વધામણાં અને ઉત્સવનો આરંભ થઇ ગયો હતો. આ મંદિરે ઈતિહાસના, વર્તમાનના અને આવનારા વર્ષોના પણ અનેક વિક્રમો સર્જ્યા છે, અનેક આશા અને શ્રદ્ધાના રખોપા થયાં છે અને ભારતના રાજકારણમાં કે આગામી ચૂંટણીમાં એની શું અસર થશે એ વિષે હવે કોઈ રોકેટ સાયન્સ નથી. પણ વાત કરવી છે વિશ્વના એવા એકમેવ ઉદાહરણ જેની વિષે વૈશ્વિક સ્તરે સંશોધન પત્રો લખાયા. વિશ્વ વિખ્યાત હાવર્ડ બિઝનેસ સ્કૂલમાં રામ મંદિર સાથે જોડાયેલ એક અનન્ય વાત વિષે વીસથી વધુ પાનાં લખાયાં. એ વિષય છે મંદિર નિર્માણના આર્થિક વહીવટ માટેની પ્રચંડ જન ભાગીદારી!

શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર એ માત્ર દોઢ મહિનાના ટૂંકા ગાળામાં ડોનેશન માટેની હાકલ કરી હતી. રામ મંદિર નિર્માણ માટે અઢારસો કરોડની અપેક્ષિત રકમ હતી. રામ મંદિર જેમ વિચાર્યું છે એવું જ ભવ્ય બને અને તે માટે કોઈ જ આર્થિક અડચણ ન આવે તે વિચાર મોખરે હતો અને ભારતના દરેક ખૂણે એ વિચારને પહોંચાડયો. રામજીનું મંદિર અને તેના વિચાર વચ્ચે એક સાથે કરોડો લોકોએ પોતાનું યોગદાન આપ્યું અને સેતુ બંધ બની ગયો. આર્થિક જગત માટે વિશ્વનું સૌથી મોટું ક્રાઉડ ફંડિંગ વિચારવા અને સમજવા જેવું છે. રામ મંદિર નિર્માણના ક્રાઉડ ફંડિંગ વિષે લખાયેલ લેખ અને સંશોધન પત્રો મુજબ, આ આખું કેમ્પેઈન ખુબ ચીવટ દ્વારા કરવામાં આવ્યું. આ કેમપેઈનનો મુખ્ય ઉદ્દેશ લોકોના ખિસ્સાકે પાકીટ સુધી નહિ, હૃદય સુધી જવાનો હતો , જેનું પરિણામ આપણે બાવીસ તારીખે પણ જોયું. આ પ્રચંડ જનભાગીદારી અને સહકાર માત્ર ધર્મ કે રાજકીય દાવપેચથી નથી આવતા. સહકાર સાથે આગળ વધવું આપણા સ્વભાવમાં છે. સહયાત્રા અને સહકારના મૂળ કોઈ એક રાષ્ટ્રમાં નહિ,આપણી ઉત્ક્રાંતિમાં છે. યુવાલ નોવા હરારીના ★સેપિયન્સ★ પુસ્તકમાં માનવ ઉત્ક્રાંતિમાં કૃષિ કરામતી, બૌદ્ધિક ક્રાંતિ આથી મંદીને ઔદ્યોગિક ક્રાંતિ વિષે આંકડા સાથે સ્પષ્ટ ચિતાર વાંચવા મળે છે. અંદાજે સિત્તેર હજાર વર્ષ પહેલાં આપણા સૌના પૂર્વજ અને આપણા મૂળ ગણાતા સેપિયન્સનો આરંભ થયો હોવાનું મનાય છે. એવી જાતિ કે જે હવે માણસ તરીકે ઓળખાય છે. પૂર્વ આફિકાના ઓસ્ટ્રાલોપીથેકસ નામના વાનરમાંથી આપણી શરૂઆત થઈ એ પછી બર્ફીલા પર્વતો કે ઉકળતા વિસ્તારોમાં વિચરણ કરતા અલગ અલગ પ્રજાતિ તરીકે ઓળખાયા, એ પછી હોમો નીયેંડરથલેન્સીસમાં ઉત્ક્રાંતિ પસાર થઈ જેને આપણા પાષાણયુગના માણસ તરીકે પણ ઓળખીએ છીએ. એ પછી પણ હોમો સોલોએન્સીસ જેવી માનવ જેવી જાતિ આવી ને ગઈ. શરીર, તાકાત અને કળથી અન્ય બધી જ પ્રજાતિઓ વધુ મજબૂત અને સક્ષમ હોવા છત્તા આપણી પ્રજાતિ એટલે કે હોમો સેપિયન્સ ટકી ગયા એના મૂળમાં બુદ્ધિ અને મગજનો વિકાસ તો હતો પણ એ સાથે હતી સહિયારી જિંદગીની તૈયારી. જયારે ભાષાને ગુજરાતી, અંગ્રેજી કે ફ્રેન્ચ જેવા નામ કે નિયમો પણ અપાયા ન હતા, ત્યારે સેપિયન્સની એક એવી ભાષા શરુ થઈ જેના કારણે આજે સુપર હ્યુમન બનીને આપણે વિશ્વ અને પ્રકૃતિમાં રાજ કરી શકીએ છીએ. દરકે પ્રાણી, પંખી પણ એકબીજાને ખોરાક વિષે કે ભયજનક વસ્તુઓ વિષે અલગ અલગ અવાજ કે લઉં દ્વારા જણાવે છે. સાવ દેખાય નહિ એવી કીડી પણ કોઈ એક સંદેશાથી વ્યવહાર કરે છે. પરંતુ આપણી ભાષામાં અવાજ સાથે ઈશારા નો લય જોડાયો. બીજું કે આપણી ભાષામાં માત્ર શરીરની જરૂરિયાત કે સલામતીના મુખ્ય પરિબળથી વધુ માહિતીના આદાન પ્રદાન, લાગણીની વાત અને સાવ અર્થવિહીન એવી ગોસિપ માટે પણ વપરાઈ. સહકાર અને સહ જીવન માટેનું આ મુખ્ય પરિબળ સાબિત થયું. જયારે જીવવા -મરવાની નૌબત આવીને ઊભી રહી ત્યારે સેપિયન્સની સાથે રહેવાની અને એકબીજાને મદદ કરીને કબીલો બનાવીને રહેવાની રીત એને જીવાડી ગઈ. આથી એવું દ્રઢ પણે કહી શકાય કે, સહિયારી જિંદગી જીવી શકવાની સમર્થતાએ આપણી આખી પ્રજાતિને બચાવી લીધી. આ પૃથ્વીના અનેક પ્રાણી પક્ષી કે પ્રજાતિઓ અલગ અલગ કોલોનીમાં જીવે છે. એકબીજાને મદદ પણ કરે છે પરંતુ એમની અનેક મર્યાદાઓ છે, જે આપણી પાસે નથી, ચિમ્પાન્ઝી દાદા પણ વધુમાં વધુ પંદર સોળના જૂથથી આગળ નથી વધી શકતા, જયારે આપણે માણસો લાખોની સંખ્યામાં પણ એક જ સિસ્ટમ અનેનિયમના ચોકઠામાં જીવી શકીએ છીએ અને એકબીજાને મદદરૂપ પણ થઈ શકીએ છીએ.

# બાબર કાળનો ઊંડો ઘા રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાથી ભરાઈ ગયો : શાહ

નવી દિલ્હી,

દેશે ૨૨ જાન્યુઆરીએ ફરીથી દિવાળીની ઉજવણી કરી હતી. ૫૦૦ વર્ષની રાહ જોયા બાદ અયોધ્યાએ ફરી પોતાના રામના દર્શન કર્યા. અયોધ્યાના નવનિર્મિત રામ મંદિરમાં ભગવાન રામની પ્રાણ પ્રતિષ્ઠા સંપૂર્ણ વિધિ-વિધાન સાથે સંપન્ન થઈ હતી. આ ઐતિહાસિક દ્રશ્ય માત્ર ભારત જ નહીં પરંતુ સમગ્ર વિશ્વએ જોયું. આ અવસર પર માત્ર અયોધ્યા જ નહીં પરંતુ સમગ્ર દેશ રામમય હતો. બધાની આંખો આંસુઓથી ભરાઈ ગઈ. સર્વત્ર જય શ્રી રામના નારા, ભગવા ઝંડા અને ફટાકડા જોવા મળ્યા હતા. ભાજપે આ વાત મોદી માટે ગેરંટી તરીકે રજૂ કરી છે. ૨૨ જાન્યુઆરીએ અયોધ્યામાં પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમ બાદ લોકોને સંબોધિત કરતી વખતે પીએમએ કહ્યું હતું કે બધું રામમાં જ છે. આ ક્ષણ અલૌકિક છે. આ ઘડીમાં આપણે બધા ભગવાન રામના આશીર્વાદ પામીએ છીએ. આ શ્રેણીમાં, મંગળવારે ગુજરાતના અમદાવાદના રાણીપ વિસ્તારમાં શ્રી રામજી મંદિરનું પુનર્નિર્માણ કાર્ય પણ પૂર્ણ થયું હતું, જેમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે ભાગ લીધો હતો.

શાહે મંગળવારે કહ્યું હતું કે અયોધ્યામાં નવનિર્મિત રામ મંદિરના અભિષેક સમારોહથી લગભગ ૫૦૦ વર્ષ પહેલા મુઘલ શાસક બાબરના શાસન દરમિયાન લાગેલા ઊંડા ઘા રૂઝાયા છે. અમદાવાદમાં 'પ્રાણ પ્રતિષ્ઠા' સમારોહમાં હાજરી આપવા આવેલા શાહે કહ્યું કે, 'વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અયોધ્યામાં રામ મંદિરમાં 'પ્રાણ પ્રતિષ્ઠા' કરીને નોંધપાત્ર કામ કર્યું છે. સમગ્ર વિશ્વમાં ભગવાન રામના ભક્તો છેલ્લા ૫૦૦ વર્ષથી આ ક્ષણની રાહ જોઈ રહ્યા હતા. તેઓ પૂછી રહ્યા હતા કે ભગવાન રામને તંબુમાંથી ભવ્ય મંદિરમાં ક્યારે બિરાજમાન કરવામાં આવશે. બાબરના જમાનામાં આપણા હૃદયમાં જે ઊંડો ઘા હતો તે ભૂંસી નાખ્યો છે.

# આસામ રાઈફલ્સના જવાનનો સાથી જવાનો પર ગોળીબાર, છને ઈજા

## મણિપુરના ચુરાચંદપુરમાં રહેતા સૈનિકે પોતાના સાથી સૈનિકો પર બંદૂક વડે ઓપન ફાયરિંગ કરી દીધું હતું

ઈમ્ફાલ,

દક્ષિણ મણિપુરમાં આસામ રાઈફલ્સના એક જવાને તેના સાથી જવાનો પર ગોળીબાર કરી દીધો હોવાની ઘટના સામે આવી રહી છે. જેમાં ૬ જવાનો ઘાયલ થયા છે. જ્યારે તેણે પોતાને ગોળી મારી આપઘાત કરી લીધો હતો. આ ઘટના એ.આર.બટાલિયનના કેમ્પસમાં બની હતી જ્યાં મણિપુરના ચુરાચંદપુરમાં રહેતા સૈનિકે પોતાના સાથી સૈનિકો પર બંદૂક વડે ઓપન ફાયરિંગ કરી દીધું હતું.

માહિતી અનુસાર હુમલો કરનાર જવાન કુકી સમુદાયનો હતો. જેનું ઈજાને લીધે મોત નીપજ્યું હતું. એવો પણ ઘટસ્ફોટ થયો છે કે હુમલાખોરને મૈતેઈ સમુદાયથી કોઈ લેવા દેવા નથી અને તે મણિપુરનો રહેવાશી પણ નહોતો. ઘટનાથી વાકેફ લોકોએ આ માહિતી આપી હતી. જોકે તેણે આ ગોળીબારની ઘટનાને કેમ અંજામ આપ્યો તેના વિશે પણ હજુ કોઈ માહિતી નથી અને તપાસ પણ શરૂ કરી દેવામાં આવી છે.

# રામમંદિરમાં હવે સવારે ૭થી રાતના ૧૧ સુધી દર્શન થઈ શકશે

## અયોધ્યામાં પ્રાણ પ્રતિષ્ઠા બાદથી અત્યાર સુધી લગભગ પાંચ લાખથી પણ વધુ શ્રદ્ધાળુએ રામલલાના દર્શન કર્યા

અયોધ્યા,

અયોધ્યામાં રામ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સ બાદ ગઈકાલથી જ રામ ભક્તો મોટી સંખ્યામાં રામલલાના દર્શન કરવા પહોંચી રહ્યા છે ત્યારે ભક્તોની મોટી સંખ્યાને ધ્યાનમાં રાખીને મંદિર પ્રશાસને દર્શનનો સમય વધારવાનો નિર્ણય લીધો છે

જેમાં હવે ભક્તો સવારે ૭ વાગ્યાથી રાત્રે ૧૧ વાગ્યા સુધી રામલલાના દર્શન કરી શકશે. આ પહેલા સાંજના સાત વાગ્યા સુધીનો જ હતો. અયોધ્યામાં પ્રાણ પ્રતિષ્ઠા બાદથી અત્યાર સુધીમાં લગભગ પાંચ લાખથી પણ વધુ શ્રદ્ધાળુઓએ રામલલાના દર્શન કરી લીધા છે. આ દરમિયાન ભારે ભીડને કારણે થોડી અરાજકતા પણ જોવા મળી હતી. જોકે, પોલીસ-વહીવટી તંત્રએ પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર રામલલાના દર્શન કરવા માટે ભક્તોનું આગમન સતત ચાલુ છે ત્યારે ગઈકાલની પરિસ્થિતિ જોતા આજે યુપી સરકારે અયોધ્યાની મુલાકાતે આવનાર વીઆઈપીલોકોને અપીલ કરી છે. સરકાર દ્વારા વીવીપીમહેમાનોને કહેવામાં આવ્યું છે કે તેઓ આગામી ૧૦ દિવસ સુધી અયોધ્યા ન આવે. આ સાથે એમ પણ કહ્યું છે કે જો આવે તો વહીવટીતંત્ર અથવા શ્રી રામ જન્મભૂમિ ક્ષેત્ર ટ્રસ્ટને જાણ કરીને આવે, જેથી કરીને તેઓને વધુ સારી સુવિધા પૂરી પાડી શકાય. હાલ અયોધ્યામાં ખુબ જ ભીડ જોવા મળી રહી છે, ત્યારે એડીજી કાયદો અને વ્યવસ્થા પ્રશાંત કુમારે કહ્યું કે રામ ભક્તોને સવારે ૭ થી રાત્રે ૧૧ વાગ્યા સુધી દર્શન કરી શકશે.

### કોંગ્રેસના નેતાના આસામના મુખ્યપ્રધાન પર પ્રહાર

# મારી પર ૨૫ કેસ છે, વધુ ૨૫ કરો, હું ડરતો નથીઃ રાહુલ ગાંધી

## રાહુલ ગાંધીએ આસામના બારાપેટામાં દાવો કર્યો હતો કે હિમંતા બિસ્વા સરમા દેશના સૌથી ભ્રષ્ટ મુખ્યમંત્રી છે



બારાપેટા,

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય યાત્રા હાલ આસામમાંથી પસાર થઈ રહી છે ત્યારે તેમણે આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા પર આકરા પ્રહારો કરીને કહ્યું કે મને ખબર નથી કે તેમના (હિમંતા બિસ્વા સરમા) મગજમાં ક્યાંથી આવ્યું કે તેઓ રાહુલ ગાંધીને ડરાવી શકે છે. તમે જેટલા ઈચ્છો તેટલા કેસ દાખલ કરો, ’૨૫ કેસ દાખલ છે, વધુ ૨૫ કરી દો, હું ડરતો નથી.’

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ આસામના બારાપેટામાં ભારત જોડો ન્યાય યાત્રા દરમિયાન દાવો કર્યો હતો કે હિમંતા બિસ્વા સરમા દેશના સૌથી ભ્રષ્ટ મુખ્યમંત્રી છે અને મુખ્યમંત્રીનું નિયંત્રણ સંપૂર્ણ રીતે અમિત શાહના હાથમાં છે, જો હિમંતા બિસ્વા સરમા અમિત શાહ વિરુદ્ધ કંઈપણ બોલવાની હિંમત કરશે તો તેમને પાર્ટીમાંથી બહાર ફેંકી દેવામાં આવશે.

કેરળના વાયનાડના સાંસદ રાહુલ ગાંધીએ વધુમાં કહ્યું કે મને ખબર નથી કે તેમના (હિમંતા બિસ્વા સરમા) મગજમાં ક્યાંથી આવ્યું કે તેઓ રાહુલ ગાંધીને ડરાવી શકે છે. ’તમે જેટલા ઈચ્છો તેટલા કેસ દાખલ કરો, હું ડરતો નથીપ ૨૫ કેસ દાખલ છે, હજું વધુ ૨૫ કેસ દાખલ કરી દો..’તેનાથી મને કોઈ ફરક પડવાનો નથી. હું ભારતીય જનતા પાર્ટી (બીજેપી)થી કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)થી ડરતો નથી. રાહુલ ગાંધીએ ૧૪ જાન્યુઆરીએ ભારત જોડો ન્યાય યાત્રા શરૂ કરી હતી જે ૧૮ જાન્યુઆરીએ આસામ પહોંચી હતી. અહીં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા વચ્ચે વિવાદ વકરી રહ્યો છે. સરમાએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને કહ્યું હતું કે કોંગ્રેસ પાર્ટીના નેતાઓ દ્વારા દેખાવ, ઉશ્કેરણી, જાહેર સંપત્તિને નુકસાન અને પોલીસકર્મીઓ પર હુમલાને ધ્યાનમાં રાખીને, રાહુલ ગાંધી, કેસી વેણુગોપાલ, કન્હૈયા કુમાર અને અન્ય નેતાઓ વિરુદ્ધ એફઆઈઆરનોંધવામાં આવી છે.

### સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ થયો

# શું કેન્દ્ર સરકાર આપી રહી છે વિદ્યાર્થીઓને મફતમાં લેપટોપ?

નવી દિલ્હી,

ઘણા બાળકો આર્થિક સંકડામણને કારણે સારું શિક્ષણ મેળવી શકતા નથી. આવા બાળકોની મદદ માટે ઘણી સંસ્થાઓ આગળ આવી રહી છે, પરંતુ આ દિવસોમાં વોટ્સએપ પર એક મેસેજ ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. જેમાં વિદ્યાર્થીઓને કેન્દ્ર સરકાર તરફથી ફ્રી લેપટોપ આપવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. ચાલો જાણીએ કે તમારા મોબાઈલ પર મળેલા આ મેસેજ પાછળનું સત્ય શું છે. આજકાલ સોશિયલ મીડિયા પર એક મેસેજ ખૂબ જ ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. આ વાયરલ મેસેજમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે ભારત સરકાર વિદ્યાર્થીઓને ફ્રી લેપટોપનું વિતરણ કરી રહી છે. તો ચાલો અમે તમને આ સંદેશ અને તેના સત્ય વિશે જણાવીએ. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર **‘Teach Official '** નામની યુટ્યુબ ચેનલના એક વીડિયોમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે કેન્દ્રની મોદી સરકાર પીએમ મોદી ફ્રી લેપટોપ સ્કીમ ૨૦૨૪ હેઠળ આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને મફત લેપટોપ આપવા નાણાકીય સહાય આપી રહી છે.

જ્યારે વાયરલ સમાચારની સત્યતા જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો ત્યારે જાણવા મળ્યું કે આ સમાચાર નકલી છે. **PIB Fact Check** એ પોતાની ટ્વિટમાં લખ્યું હતું કે વાયરલ વીડિયો ફેક છે. કેન્દ્ર સરકાર દ્વારા આવી કોઈ યોજના ચલાવવામાં આવી રહી નથી. આવી સ્થિતિમાં અમે પણ તમને વિનંતી કરીએ છીએ કે આ પ્રકારના સમાચારો પર ત્યાં સુધી વિશ્વાસ ના કરો જ્યાં સુધી વાયરલ સમાચારની તમે યોગ્ય તપાસ ના કરી લો અને તેનું સત્ય ના જાણી લો. આવા ફેક મેસેજ પર મોકલવામાં આવેલી લિંક પર ભૂલથી પણ ક્લિક ના કરો. આ લિંક પર ક્લિક કરીને અને તમારી અંગત માહિતી અને બેંક વિગતો આપીને તમે સાયબર ક્રાઈમનો શિકાર બની શકો છો. આવી સ્થિતિમાં, આવા મેસેજને નજરઅંદાજ કરો. આવા મેસેજ બીજાને પણ ફોરવર્ડ કરવાનું ટાળો.

# ક્રૂડના ભાવ ૮૦ ડોલરે પહોંચતા પેટ્રોલ-ડિઝલના ભાવમાં રાહતની આશા


નવી દિલ્હી

ભારતમાં લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે સરકાર મતદારોને મોંઘવારીમાંથી રાહત આપવા માટે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં મોટો ઘટાડો કરે તેવી શક્યતા છે. સરકાર અત્યારે ફ્યુઅલના ભાવ ઘટાડી શકે તેમ છે કારણ કે ઈન્ટરનેશનલ બજારમાં ક્રૂડના ભાવમાં કડાકો આવ્યો છે. રશિયા -યુક્રેન યુદ્ધના કારણે એક સમયે ૧૧૦ ડોલર નજીક પહોંચી ગયેલો ક્રૂડ ઓઈલનો ભાવ હવે ૮૦ ડોલરથી પણ નીચે આવી ગયો છે.

ચૂંટણી અગાઉ ફીલ ગુડનું વાતાવરણ સર્જવા માટે સરકાર પેટ્રોલ અને ડીઝલનો ભાવ ઘટાડી શકે તેવી સ્થિતિમાં છે કારણ કે હવે ઈન્ટરનેશનલ બજારમાં ક્રૂડના ભાવની ચિંતા નથી. રેટિંગ એજન્સી ઈકરાએ જણાવ્યું કે સરકારી માલિકીની ઓઈલ કંપનીઓના માર્જિનમાં મોટો વધારો થયો છે. ઓઈલ કંપનીઓ એક લિટર પેટ્રોલના વેચાણ પર ૧૧ રૂપિયા નફો કરે છે જ્યારે ડીઝલમાં લિટર દીઠ ૬ રૂપિયા નફો થાય છે. યુક્રેન વોરના કારણે ક્રૂડનો ભાવ ૧૦૦ ડોલરથી ઉપર ગયો ત્યારે પેટ્રોલ અને ડીઝલના ભાવ પણ ઘણા વધી ગયા હતા. ત્યાર પછી મે ૨૦૨૨માં સરકારે રાહત આપીને બંને ફ્યુઅલના ભાવ ઘટાડ્યા હતા. ત્યારથી લઈને અત્યાર સુધીમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ સ્થિર છે અને તેમાં કોઈ ફેરફાર કરાયો નથી.

આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડની માંગ ઘટવાના કારણે તેનો ભાવ હવે ૮૦ ડોલર પ્રતિ બેરલથી નીચે આવી ગયો છે. લિબયા અને નોર્વેમાં ક્રૂડના ઉત્પાદનમાં વધારો થયો છે તેથી પશ્ચિમી એશિયાની અશાંતિ વચ્ચે પણ ક્રૂડમાં નરમાઈ છે. ભારત સરકારે દર પખવાડિયે ક્રૂડ ઓઈલના ભાવ પ્રમાણે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ફેરફાર કરવાની નીતિ બંધ કરી દીધી ત્યારથી ઓઈલ કંપનીઓને ક્યારેક નફો તો ક્યારેક ખોટ જાય છે. તેથી અત્યારે પેટ્રોલ અને ડીઝલના વેચાણ પર ભારે નફો થતો હોવા છતાં બંને ફ્યુઅલના ભાવમાં કોઈ ઘટાડો થયો નથી. પરંતુ ચૂંટણી અગાઉ લોકોને ખુશ કરવા માટે ભાવ ઘટી શકે છે. આગામી ત્રણ મહિના પછી ચૂંટણી થશે અને નવી સરકાર આવશે. ત્યાર પછી ક્રૂડના ભાવ પ્રમાણે ફ્યુઅલના ભાવનું ગણિત નક્કી કરવા માટે તેની પાસે ૧૨ મહિનાનો સમય હશે.

# રામ ભક્તિમાં લીન થયો ઈંગ્લેન્ડનો પૂર્વ ક્રિકેટર



નવી દિલ્હી,

ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ ક્રિકેટર કેવિન પીટરસન ભગવાન રામની ભક્તિમાં લીન જોવા મળ્યો હતો. ગયા સોમવારે (૨૨ જાન્યુઆરી) અયોધ્યામાં રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાનો કાર્યક્રમ યોજાયો હતો, જેમાં ઘણા ભારતીય ક્રિકેટરો હાજર રહ્યા હતા.

હવે કેવિન પીટરસન પણ રામ ભક્તિના રંગમાં રંગાયેલો જોવા મળ્યો હતો. પીટરસને સોશિયલ મીડિયા પર હિન્દીમાં ’જય શ્રી રામ’ લખ્યું હતું. પીટરસને પોતાની પોસ્ટથી બધાને ચોંકાવી દીધા હતા. આ પહેલા રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાના દિવસે ઓસ્ટ્રેલિયન ક્રિકેટર ડેવિડ વોર્નરે સોશિયલ મીડિયા દ્વારા ભગવાન રામ પર પોસ્ટ કરીને ભારતીય ચાહકોના દિલ જીતી લીધા હતા. વોર્નરે સોશિયલ મીડિયા પર ભગવાન શ્રી રામની તસવીર શેર કરી હતી. તસવીરને કેપ્શન આપતા તેણે લખ્યું, જય શ્રીરામ ઈન્ડિયા. હવે વોર્નરની જેમ પીટરસને પણ ભારતીય ચાહકોને ખુશ કરી દીધા છે. નોંધનીય છે કે રામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠાના કાર્યક્રમમાં ઘણા મોટા ક્રિકેટરોએ હાજરી આપી હતી, જેમાં સચિન તેંડુલકર પણ સામેલ હતા. આ સિવાય મહિલા ક્રિકેટરોમાં ભારતીય ટીમની પૂર્વ કેપ્ટન મિતાલી રાજે પણ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ સિવાય પૂર્વ સ્પિનર અનિલ કુંબલે અને ફાસ્ટ બોલર આરપી સિંહ સહિત અન્ય ઘણા ક્રિકેટરો પણ અયોધ્યા પહોંચ્યા હતા.

# શિક્ષણ વિભાગની બેવડી નીતીથી વિદ્યાર્થીઓ પરેશાન

## જ્ઞાન સહાયકોની ગેરહાજરી વચ્ચે પ્રવાસી શિક્ષકોની મુદત પૂરી થઈ, શાળાઓમાં શિક્ષકો જ નહીં હોય તો વિદ્યાર્થીઓને ભણાવશે કોણ?

અમદાવાદ,

આગામી માર્ચ માસમાં ધોરણ ૧૦અને ૧૨ની બોર્ડની પરીક્ષા આવી રહી છે, જેના કારણે શાળાઓમાં પરિણામ ઊંચું આવે તેવા આયોજન થઈ રહ્યા છે. બીજી તરફ મોટાભાગની શાળાઓમાં શિક્ષકો જ નથી. પ્રવાસી શિક્ષકો સામે સરકાર જ્ઞાન સહાયક યોજના લાવી પણ મોટાભાગની શાળાઓમાં જ્ઞાન સહાયક શિક્ષકો હાજર જ થયા નથી. તેવામાં પ્રવાસી શિક્ષકોની મુદત આજથી પૂર્ણ થતા પ્રવાસી શિક્ષકોને કાઢી મૂકવા આદેશ થયા છે, ત્યારે શાળાઓમાં શિક્ષકો જ નહીં હોય તો વિદ્યાર્થીઓને ભણાવશે કોણ અને પરિણામ કેવી રીતે ઊંચું આવશે તેના પર સવાલો ઉઠ્યા છે. શિક્ષણ વિભાગની આ બેવડી નીતિથી વિદ્યાર્થીઓ પરેશાન છે. રાજ્ય સરકારે રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક ગ્રાન્ટેડ શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યાઓ ભરવા માટે જ્ઞાન સહાયક યોજના અમલમાં મુકી હતી. જેમાં ટેટ ટાટની દ્વી સ્તરીય પરીક્ષા પદ્ધતિ દ્વારા જ્ઞાન સહાયકોની ૧૧ માસના કરાર આધારિત ભરતી કરવાની હતી. બીજી બાજુ પ્રવાસી શિક્ષકોની યોજના રદ કરવાની હતી પણ જ્ઞાન સહાયક શિક્ષકોની ભરતીમાં વિલંબ થયો. જેના કારણે ઘણી શાળાઓમાં શિક્ષકો ન હોવાથી સ્કૂલ સંચાલકોની રજૂઆતના પગલે પ્રવાસી શિક્ષકોની યોજના છ મહિનામાં લંબાવવામાં આવી. હવે ૨૪ જાન્યુઆરીથી પ્રવાસી શિક્ષકોની આ મુદત પૂરી થઈ રહી છે. બીજી બાજુ હજુ પણ જ્ઞાન સહાયક શિક્ષકોના ઠેકાણા નથી. આગામી માર્ચ માસમાં ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની ગુજરાત બોર્ડની પરીક્ષા આવી રહી છે. ત્યારે મોટાભાગની શાળાઓમાં શિક્ષકો નથી. મોટાભાગની શાળાઓમાં ગણિત અને વિજ્ઞાનના શિક્ષકો જ નથી. ત્યારે વિદ્યાર્થીઓને આ ગુરુઓ વગર જ્ઞાન કેવી રીતે મળશે તે એક સૌથી મોટી સમસ્યા છે. એક તરફ ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાને લઈ ૩૦ ટકાથી ઓછું પરિણામ લાવતી શાળાઓનું પરિણામ સુધારવા બેઠકો જિલ્લા શિક્ષણ અધિકારીઓ દ્વારા શરૂ થઈ છે, પણ જો શાળાઓમાં શિક્ષકો જ નહીં હોય તો વિદ્યાર્થીઓને ભણાવશે કોણ અને કેવી રીતે વિદ્યાર્થીઓ અને શાળાઓનું પરિણામ ઉચું આવશે તે યક્ષ પ્રશ્ન છે.

### અયોધ્યામાં રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાનો કાર્યક્રમ સંપન્ન

# સુરતના હીરાના વેપારીએ ૧૧ કરોડનો મુકુટ દાન કર્યો

## આ મુગટને નવનિર્મિત રામ મંદિરમાં ભગવાન માટે ખાસ તૈયાર કરવામાં આવ્યો છે



સુરત,

૫૦૦ વર્ષોથી જે ઘડીની રાહ જોવાઈ રહી હતી તે ઘડી ગઈ કાલે પૂર્ણ થઈ. અયોધ્યામાં રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાનો કાર્યક્રમ સંપૂર્ણ થઈ ચૂક્યો છે અને રામલલા પોતાના જન્મસ્થાન પર બિરાજમાન થઈ ગયા છે. સંધ્યા સમયે દેશવાસીઓએ ભગવાન રામના પુનરાગમનની ઉજવણી કરતા 'દિપ' પ્રગટાવીને 'દિવાળી'ની ઉજવણી કરી હતી. ૫૧ ઈંચની મૂર્તિની પ્રથમ ઝલક ખૂબ જ મનમોહક છે. રામલલાની મૂર્તિને માથાથી પગ સુધી આભૂષણોથી સજાવવામાં આવી છે. હાથોમાં સોનાનું ધનૂષ-બાણ છે તો માથું ચાંદી અને લાલ તિલકથી સુશોભિત છે.

અનેક ભક્તો ભગવાન રામને કિંમતી વસ્તુઓ અર્પણ કરી રહ્યા છે. કોઈ એક કિલો સોનું દાન કરી રહ્યા છે તો કોઈ સોનાનો મુગટ દાન કરી રહ્યા છે. ગુજરાતમાંથી સુરતના હીરા વેપારી પણ આ લિસ્ટમાં સામેલ છે. અયોધ્યામાં નવનિર્મિત રામ મંદિરમાં સ્થાપિત રામલલાની મૂર્તિ માટે તેમણે એક મુગટ દાન કર્યો છે જેની કિંમત ૧૧ કરોડ રૂપિયા છે. આ મુગટને નવનિર્મિત રામ મંદિરમાં ભગવાન માટે ખાસ તૈયાર કરવામાં આવ્યો છે. સુરતના વેપારીએ ભગવાન રામને સોના, હીરા અને કિંમતી રત્નોથી જડિત ૬ કિલો વજનનો મુગટ અર્પણ કર્યો છે. આ મુગટમાં નીલમ સહીતના હીરા લગાવવામાં આવ્યા છે.

આ વેપારીનો આખો પરિવાર અયોધ્યા પહોંચ્યો હતો અને મંદિર ટ્રસ્ટના અધિકારીઓને તૈયાર કરવામાં આવેલો મુગટ ભેટ કર્યો હતો. પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ દરમિયાન રામ મંદિરના મુખ્ય પૂજારી અને શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના ચંપત રાયને આ મુગટ સોંપવામાં આવ્યો હતો. હવે આ મુગટને ભગવાન ધારણ કરશે.

# ગિફ્ટ સિટીમાં ૨ હોટેલોને દારૂ પીરસવાની પરવાનગી મળી

ગાંધીનગર,

ગિફ્ટ સિટીમાં દારૂ પરમિટ આપવાનું શરૂ થઈ ગયું છે. સરકારની જાહેરાત બાદ સત્તાવાર છૂટ અપાઈ છે. સત્તાવાર રીતે બે એકમોને છૂટ આપવામાં આવી છે. ૨ સ્થળોએ દારૂ પરમીટની છૂટ આપવામાં આવી છે. ૨ હોટેલોને દારૂ પીરસવાની પરવાનગી મળી છે. હોટેલ ગ્રાન્ડ મર્ક્યુરને છૂટ અપાઈ છે.

ગિફ્ટ સિટી ક્લબને પણ છૂટ આપવામાં આવી છે. ગિફ્ટ સિટીના મેનેજિંગ ડાયરેક્ટરે છૂટ આપી છે. ગિફ્ટ સીટીમાં લિકર પરમિટને લઈને નિયમ જાહેર કરાયા હતા. જે હેઠળ દારુનું સેવન કર્યા બાદ વાહન ચલાવી શકાશે નહીં. જ્યારે પરમિટ માટે FL૩ પ્રકારનું લાયસન્સ મેળવવાનું રહેશે. FL૩ લાયસન્સ ધારકે ખરીદેલ જથ્થાની માહિતી આપવી પડશે. ૨૧ વર્ષથી વધુ વયના લોકો જ સેવન કરી શકશે. ઉપરાંત અધિકૃત અધિકારી પાસેથી પરમિટ લેવી પડશે અને સમગ્ર વિસ્તારને CCTV સર્વેલન્સ હેઠળ રાખવાનો રહેશે. - લિકર પિરસનાર હોટેલ, ક્લબોએ FL૩ લાયસન્સ લેવુ પડશે

- લાયસન્સ ધારકે દારૂના જથ્થાના ખરીદ-વેચાણના હિસાબ રાખવા પડશે.
- જે સ્થળ પર લિકર સેવનની પરવાનગી હશે તેના સિવાયના સ્થળે લિકર સેવન કરી શકાશે નહીં
- ગિફ્ટ સિટીમાં દારૂ સેવન માટે અધિકૃત અધિકારીઓ જ આ પરમિશન આપશે
- અધિકૃત મુલાકાતીઓજ દારૂનું સેવન કરી શકશે
- હેલ્થ પરમીટ, વિઝિટર પરમિટવાળા લોકો જ દારૂનું સેવન કરી શકશે.

# કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાવાની વાત અર્જુન મોઢવાડિયાએ નકારી

અમદાવાદ,

છેલ્લાં કેટલાક સમયથી પોરબંદરના કોંગ્રેસના ધારાસભ્ય અર્જુન મોઢવાડિયા ભારતીય જનતા પાર્ટીમાં જોડાઈ શકે છે તેવી ચર્ચાએ જોર પકડ્યું હતું.

સૂત્રો દ્વારા મળતી માહિતી અહેવાલ મળ્યા હતા કે અર્જુન મોઢવાડિયા ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં ભાજપમાં જોડાઈ શકે છે. જોકે, હવે તેમણે સ્પષ્ટતા કરીને આ વાત નકારી કાઢી છે. આ દરમિયાન તેમણે પોતાના રાજીનામાની વાતને પાયાવિહોણી ગણાવી હતી. તેમણે આ અંગે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સપર પોસ્ટ કરતા લખ્યું હતું કે 'મારા કોઈ પણ ખુલાસા વિના વિવિધ મીડિયા ચેનલોમાં મારા ભાજપમાં જોડાઈ રહ્યાની વાતો થતી હતી. તેનો કોઈ આધાર નથી. હું કોંગ્રેસમાં છું અને પક્ષનો ચૂંટાયેલો ધારાસભ્ય છું.'

# આગામી ત્રણ દિવસમાં ૨ થી ૩ ડીગ્રી તાપમાન વધશે

અમદાવાદ,

ગુજરાતમાં છેલ્લા એક અઠવાડિયાથી કાતિલ ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. આ સાથે જ હવામાન વિભાગની આગાહી પ્રમાણે રાજ્યમાં હજુ ઠંડીનો ચમકારો યથાવત રહેશે. જો કે રાજ્યમાં હાલમાં જે પ્રમાણે ઠંડી પડવી જોઈએ તેટલી નથી પડી રહી.

લોકોને વહેલી સવારમાં ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે જ્યારે બપોરે હવામાન સામાન્ય થઈ જાય છે. એવામાં હવામાન વિભાગે નવી આગાહી પ્રમાણ આગામી ત્રણ દિવસ તાપમાનમાં કોઈ વધારે ફેરફાર નહીં થાય. તેમજ રાજ્યમાં ૨થી ૩ ડિગ્રી તાપમાનમાં વધારો થવાની શક્યતા છે. તો બીજી બાજુ એક હવામાન નિષ્ણાતે વાતાવરણમાં પલટો આવવાની શક્યતા વ્યક્ત કરી છે.

હવામાન કેન્દ્ર અમદાવાદના અધિકારીએ કહ્યું હતું કે, ગુજરાતમાં હાલ વરસાદની કોઈ શક્યતા નથી. તેમજ આગામી બેથી ત્રણ દિવસ તાપમાનમાં કોઈ ફેરફાર નહીં થાય. જો કે,તે બાદ રાજ્યમાં બે થી ત્રણ ડિગ્રી તાપમાનમાં વધારો થવાની શક્યતા દર્શાવી છે. પવનની ગતિ બદલાતા ઠંડીમાંથી રાહત મળશે.

એક હવામાન નિષ્ણાતે રાજ્યના હવામાનને લઈને કહ્યું છે કે, આગામી દિવસોમાં દેશમાં હવામાનમાં મોટા ફેરફાર થવાની સંભાવના દર્શાવી છે.

Publisher, Printer and Owner : VIJYABEN VANRAJSINH SISIDIYA • Printed at : Dharti Printers,
C/3, Shankar Chambers (Basement), Nr. H. K. Huose, Opp. Mrudul Tower, Ashram Road, Ahmedabad and published from Junagadh
C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office,Meeranagar Main Road, Junagadh-362001 (Gujarat) • Editor : Vijyaben V. Sisodiya